જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૯/૨૦૧૪ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી ૨૩૯૭/૧૪

## હત્યા, હત્યાની કોશિશ, તથા લુંટના ગંભીર ગુન્હાનો એક વર્ષથી પાસા વોન્ટેડની અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ધરપકડ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ શ્રી જે.એચ.સરવૈયા નાઓની સુચના અને માર્ગદર્શન નીચે પોલીસ સબ ઇન્સ શ્રી એલ.ડી.વાઘેલા અને ટીમના માણસો પેટ્રોલીંગ દરમ્યાન લાલદરવાજા વિકટોરીયા ગાર્ડન પાસેથી હેડ કોન્સ કિરીટસિંહ હરીસિંહ તથા હેડ કોન્સ ભગવાન ભાઇ મસાભાઇ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે અંકુર @ ચંકી સ/ઓ રામનાથ શર્મા ઉ.વ.૨૦ રહે, સોસાયટીની ચાલી ઘર નંબર ૪૭-૪૮, ન્યુ કોટન મીલ પાસે, અમરાઇવાડી અમદાવાદ શહેરનાને પાસાના કામે પકડવામાં આવેલ છે.

મજકુર ઇસમે હત્યા, હત્યાની કોશીશ, તથા રસ્તામાં છરી બતાવી લોકોને લુંટી લેવાના ગુન્હાઓ સહિતના ગુન્હાઓ કરેલ છે. મજકુર સામે તા.૧૨/૮/૧૩ થી પાસા અટકાયતી વોરંટ ઇસ્યુ કરવામાં આવેલ ત્યારથી આ આરોપી વોન્ટેડ હતો.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.